ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને
૨૬૩૦૦૬૬૪
ટેલિગ્રામ : યુનિ.ગુજરાત

Fax : (079) 26302654
Tele Phone : 26301341-26300342-43
26300126 & 26300664
Tele Gram : UNIGUJARAT

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા અમદાવાદ - ૩૮૦ ૦૦૯

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVARANGPURA,
AHMEDABAD – 380 009 (INDIA)

નં.અનુ. <u>રજીસ્ટ્રેશન</u> / ૩૨૬૭૨ /૨૦૧૬ તા. ૦૮ - ૦૯ -૨૦૧૬

## પરિપત્ર

<u>ગુજરાત યુનિવર્સિટી તમામ પી.જી. કોર્ષ ચલાવતા ભવનો/સંલગ્ન પી.જી. કેન્દ્રોમાં રજીસ્ટ્રેશન માટેનો સુચિત પરિપત્ર</u>

વિભાગનાં વડાશ્રીઓ/આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ,

શ્રીમાન/શ્રીમતી,

માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૨૦૧૭ મા અનુસ્નાતક M.A./M.Com/MSC/LLM/M.ED. તથા અન્ય પી.જી. કોર્ષ ચલાવતા તમામ ભવનો/અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રવેશ મેળવેલ વિધ્યાર્થીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે ભવનો/અનુસ્નાતક કેન્દ્રના વડાશ્રી/આચાર્યશ્રીઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે જાણ કરવામાં આવે છે. રજીસ્ટ્રેશન વખતે નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખવા વિનંતી છે તેમજ તે સૂચનાઓ અને આદેશોનું ચુસ્તપણે પાલન કરવા વિનંતી છે.

(૧) **ચાલું વર્ષનાં અનુસ્નાતક રજીસ્ટ્રેશનનાં ઓનલાઈન ફોર્મ તા. ૩૦/૦૯/૨૦૧૬ સુધીમાં નિયત ફી સાથે અચૂક મોકલવાનું રાખશો..**

(૨) પોસ્ટ ગ્રેજ્યુએટનાં નિયમો હેઠળ રજીસ્ટ્રેશન ફી રૂ. ૩૦૦+૫૦ ફોર્મ ફી= ૩૫૦/- છે તે પ્રમાણે વિધ્યાર્થી દીઠ રજીસ્ટ્રેશન ફી લેવાની રહેશે. જેની નોંધ લેવી.

(૩) જે વિધ્યાર્થીઓના પ્રવેશ યુનિવર્સિટીની કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ દ્વારા થયા ન હોય તથા વિધ્યાર્થીઓના ફોર્મની વિગતો કોલેજે ઓનલાઇન લોગીન કરીને વિગતો એન્ટર કરવી. ત્યારબાદ તમામ વિધ્યાર્થીઓની બે યાદી પ્રિન્ટ કાઢી, ફી ભર્યાની રસીદ સાથે બન્ને યાદી પી.જી. વિભાગમાં જમા કરાવવાની રહેશે.

(૪) રજીસ્ટ્રેશન અરજીમાં વિધ્યાર્થી તેમજ આપનું કાર્યાલય પ્રત્યેક કોલમ કાળજીથી ભરે તે ખાસ જોવું. ભૂલચૂક દંડનીય બને છે.

(૫) વિધ્યાર્થીએ જે નામથી સ્નાતક પદવી મેળવી હોય તે જ નામે રજીસ્ટ્રેશનનું આવેદનપત્ર ભર્યુ છે કે કેમ તેની ચકાસણી કરવી. યુનિ.ની પૂર્વ પરવાનગી લીધા સિવાય નામમાં કરેલો ફેરફાર ચાલી શકશે નહિ જેની નોંધ લેશો.

(૬) છેલ્લી પદવી અન્ય યુનિવર્સિટીમાંથી મેળવી આ યુનિવર્સિટીમાં જોડાનાર વિધ્યાર્થીએ આ **યુનિવર્સિટીનું એલિજિબિલિટી સર્ટીફીકેટ મેળવવું જરૂરી છે,** તે મેળ્વ્યા પછી તેનો નંબર અને તારીખ રજીસ્ટ્રેશન અરજીમાં નિયત કોલમમાં અચૂક દર્શાવવા અને તેની નકલ રજીસ્ટ્રેશન ફોર્મ સાથે અચૂક બીડવી. એલિજિબિલિટી સર્ટીફીકેટ મેળવ્યું હોય તેવા વિધ્યાર્થીઓને જ પ્રવેશ આપવો. જેથી પત્રવ્યવહારમાં ઉતરવું ના પડે. એલિજિબિલિટી સિવાય **રજીસ્ટ્રેશન** રદ ગણાશે.

(૭) વિધ્યાર્થીએ રજીસ્ટ્રેશન અરજીમાં જે વિષય ભર્યા હોય તે વિષયોની જ હાજરી રાખે તથા જે વિષયો શીખવવાની યુનિ. દ્વારા મંજૂરી મળી હોય તે જ વિષયો વિધ્યાર્થી ભરે તે અવશ્ય ચકાસશો અન્યથા પરીક્ષામાં મુશ્કેલી ઉભી થાય તો કોલેજ/ભવનની જવાબદારી રહેશે.

તેમજ બધા જ વિધ્યાર્થીઓની રજીસ્ટ્રેશન અરજીઓ નિયત સમયમાં જ યુનિવર્સિટીને પહોચાડવાની હોવાથી વિધ્યાર્થીઓ વેળાસર રજીસ્ટ્રેશન અરજીઓ ભરે તે ખાસ જોશો.

(૮) **જે વિધ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થયું ન હોય તેવા વિધ્યાર્થીઓની હાજરી તેમજ સેમેસ્ટર માન્ય ગણાશે નહીં. સમયસર રજી. ફોર્મ ના મોકલનાર સંસ્થાના વડાશ્રીની અંગત જવાબદારી ઊભી થશે.**

(૯) જે વિધ્યાર્થીનું રજીસ્ટ્રેશન થયું નહી હોય તે વિધ્યાર્થી યુનિ. પરીક્ષામાં બેસવાપાત્ર થશે નહીં. રજીસ્ટ્રેશન ફોર્મ મોડું પડશે, ભૂલી જવાશે અને વિધ્યાર્થીને નુકસાન થશે તો સંસ્થાના આચાર્યશ્રીઓ/વિભાગના વડાશ્રીઓની અંગત જવાબદારી ઊભી થશે.

(૧૦) **અનુસ્નાતક નિયમ ૩(બી) અનુસાર રજીસ્ટ્રેશનની મુદત પાંચ વર્ષની છે તે જોતાં પ્રવેશ મેળવ્યા બાદ ૫ વર્ષ પૂરા થાય ત્યારે રજીસ્ટ્રેશન રદ થાય. આવા વિધ્યાર્થીઓને નવેસરથી રજીસ્ટ્રેશન કરાવીને સેમેસ્ટર મંજુર કરાવ્યા બાદ પરીક્ષામાં બેસી શકે. જેની નોંધ લઈ જો આવા વિધ્યાર્થીઓ હોય તો તેની વિગતો અનુસ્નાતક વિભાગમાં મોકલી આપવા વિનંતી.**

(૧૧) રજીસ્ટ્રેશન ફોર્મ સાથે Widhheld 0.127 ની માર્કશીટ બીડેલ હોય છે જે સ્વીકારી શકાય નહિં. આવા વિધ્યાર્થીનું રજીસ્ટ્રેશન થઈ શકશે નહિં.રજીસ્ટ્રેશન ફોર્મ સાથે તૃતિય વર્ષની પાસની માર્કશીટ સામેલ કરવી ફરજીયાત છે. **રજીસ્ટ્રેશન માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન અંગે ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ પર Online Login કરી પી.જી. કોર્ષ ચલાવતા તમામ ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે. એન્ટ્રી નહી કરનારના રજીસ્ટ્રેશન નંબર નહી પડે એની જવાબદારી જે તે સંસ્થા/ભવનોની રહેશે.**

(૧૨) આ કાર્યાલયના તા. ૨૬/૦૨/૨૦૧૪નાં પત્રાંક: અૅકે/૯૮૪૧૦/૨૦૧૪નાં સંદર્ભમાં જણાવવાનું કે, સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ ડેવલોપમેન્ટ ફી એ રજીસ્ટ્રેશન ફી સાથે જ જમા કરવવાની થાય છે. આથી રજીસ્ટ્રેશન ફોર્મ ફી સાથે ડેવલોપમેન્ટ ફી અંગે અલગથી ફોરવર્ડિંગ પત્ર અને તે રકમનો ડ્રાફ્ટ લાવવાનો રહેશે. આ ડેવલોપમેન્ટ ફી અૅકેડેમિક વિભાગમાં જમા કરાવ્યાની પાવતી બતાવ્યા બાદ જ પી.જી વિભાગ દ્વારા રજીસ્ટ્રેશન ફી સ્વીકારવામા આવશે. ડેવલોપમેન્ટ ફી વિના રજીસ્ટ્રેશન ફી સ્વીકારવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેશો.

(૧૩) જે કોલેજો/ભવનોએ રજીસ્ટ્રેશન ફોર્મની ઓનલાઈન પ્રિન્ટ મેળવેલ છે તેમની કુલ ચુકવણીમાંથી વિધ્યાર્થી દીઠ ૧.૫૦/- રૂપીયા લેખે પ્રિન્ટીંગ ખર્ચ બાદ કરીને બાકીની રકમ ભરવાની રહેશે.

(૧૪) રજીસ્ટ્રેશન ફી ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર કુલ સચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯ નાં નામનો કઢાવીને મોકલવાનો રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર બેંક કમિશન બાદ કરીને કઢાવવાનો રહેશે. (DD CTS કોડવાળો હોવો જરૂરી છે.)

ઉપરોક્ત સુચનાઓનું તમામ અનુસ્નાતક સંસ્થાઓના વડાશ્રીએ અચુક પાલન કરવાનું રાખવું.

ડૉ. એચ. એ. પંડ્યા

કા. કુલસચિવ

નકલ રવાના:

(૧) યુનિ. ભવનોના વિભાગનાં વડાશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રી,

(૨) હિસાબનીસ ગુજ. યુનિવર્સિટી અમદાવાદ - ૦૯,

(૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, ગુજ. યુનિવર્સિટી અમદાવાદ - ૦૯,

(૪) ગુજરાત યુનિવર્સિટી માહિતી કેન્દ્ર, ગુજ. યુનિવર્સિટી અમદાવાદ.

(૫) કેશ કાઉન્ટર રૂમ નં. ૨૦ ગુજરાત યુનિ. અમદાવાદ-૯